| | | |
|---|---|---|
| આંક | : | |
| દાખલ તારીખ | : | ૨૧/૦૫/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | : | ૨૧/૦૫/૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૪/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |
| કુલ | : | ૦૦ ૦૨ ૧૩ |

---

**મે.ના.શ્રી જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં,**
**મુ. કવાંટ, જી. છોટાઉદેપુર**

---

**ફોજદારી કેસ નં. ૯૨૧/૨૦૨૬**

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | : | શ્રી સરકાર મારફતે<br>વિ.વા.એ.પી.પી.શ્રી |
| | : | વિરુદ્ધ |
| **આરોપી** | : | જયદેવભાઈ નરેશભાઈ કોલચા<br>રહે. પાનવડ સામી ઘેડ ફળીયા,<br>તા. કવાંટ, જી. છોટાઉદેપુર |

---

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધી ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ...**

---

**ફોર્મ – એ**

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ |
| ફરિયાદી | : | શ્રી ગુજરાત સરકાર |

| | | |
|---|---|---|
| વિ.એ.પી.પી.શ્રી | : | એસ.એચ. પઠાણ |
| આરોપી | ૧ | જયદેવભાઈ નરેશભાઈ કોલચા |
| આરોપી તરફે વિ. વકીલશ્રી, | : | એસ.આર. રાઠવા |

**ફોર્મ –બી**

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૦૩/૦૩/૨૦૨૬ |
| ફરિયાદ તારીખ | : | ૦૩/૦૩/૨૦૨૬ |
| ચાર્જશીટ તારીખ | : | ૨૧/૦૫/૨૦૨૬ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | – |
| પુરાવો શરૂ કર્યા તારીખ | : | ૦૧/૦૭/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | : | ૦૪/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઇ હોય તો) | : | ––– |

**આરોપીની વિગત**

| | |
|---|---|
| આરોપીનું નામ | જયદેવભાઈ નરેશભાઈ કોલચા |
| ધરપકડની તારીખ | ૧૪/૦૩/૨૦૨૬ |
| જામીન પર મુકત કર્યા હોય તો તેનીતારીખ | ––– |
| ગુનાહિત આક્ષેપો | બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ |
| નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | નિર્દોષ |
| શું સજા કરી | ––– |
| બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ? | ––– |

## ફોર્મ – સી

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે :

### ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

| નં. | સાહેદ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | અખીલાબીબી હુસેનભાઈ શેખ | ફરીયાદી | ૦૬ |
| ૨ | હુસેનભાઈ નુરાભાઈ શેખ | સાહેદ | ૦૮ |

### (બી) બચાવપક્ષ તરફે (જો હોય તો) :

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

### (સી) કોર્ટ તરફે (જો હોય તો) :

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

### ફરિયાદપક્ષે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :

### (બી) દસ્તાવેજી પુરાવા :

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૭ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પ<br>ચનામુ | ૦૯ |
| ૩ | આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ | ૧૦ |
| ૪ | સારવાર સર્ટીફીકેટ | ૧૧ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

----------------------------------------

**–:: ઠરાવ ::–**

**આરોપી વિરુદ્ધ તહોમત :**

**(૧)** હાલના કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ– બી.એન.એસ. ની કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષના કેસની ટૂંકી વિગત :**

**(૨)** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૩/૦૩/૨૦૨૬ ના રોજ આશરે ૧૯ : ૦૦ ના સુમારે મોજે પાનવડ બારીયા ફળીયા (સ્કુલ પાછળ) ફરીયાદીનો દિકરો હુમાયુ રોડ વડતો હતો ત્યારે પોતાના કબજા ભોગવટાની મોટર સાયકલ રજી નં. જીજે ૩૪ પી. ૫૭૧૦ પુર ઝડપે અને ભયજનક રીતે અને ગફલતભરી રીતે હંકારી એકસીડન્ટ કરી, ફરીયાદીના દિકરા હુમાયુને માથાના ભાગે ઈજા પહોંચાડી ફ્રેકચર કરી, નાસી જઈ, ઉપરોક્ત મુજબના ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત :**

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**આરોપીને સમન્સ તથા તહોમતનામું :**

(૪) આ કામે આરોપીને ફોજદારી બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ બજી જતાં, આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે અને તેમનું પ્રાથમિક નિવેદન **આંક : ૦૪** થી પ્લી નોંધેલ છે. આરોપીએ તેમના વિરૂદ્ધના આરોપોનો ઇન્કાર કરેલ છે. જેથી આરોપી વિરૂદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૫ અન્વયે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત જણાવેલ ફોર્મ 'સી' મુજના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.**

**<u>ફરિયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન :</u>**

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ ફરિયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષે રજૂ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધેલ છે. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ જેથી, આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ નથી.

**<u>બચાવપક્ષનો પુરાવો</u>** :

(૭) બચાવપક્ષ તરફથી કોઇ મૌખિક કે લેખિત પુરાવો રજૂ કરેલ નથી.

**<u>પક્ષકારોની દલીલો :</u>**

(૮) આ કામે ફરિયાદી તથા આરોપી તરફે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને રાખી ન્યાયિક હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. જેમાં મુખ્યત્વે વિ.એ.પી.પી.શ્રી

દ્વારા ફરિયાદપક્ષે તેમની દલીલમાં પંચનામુ તથા ફરિયાદને ધ્યાને લઇ આરોપીને સજા કરવા રજૂઆત કરેલી છે. આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરાવાર કરી શકેલ ન હોઇ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવેલ ન હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**મુદ્દા અને તેના નિર્ણયો :**

(૯) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–:મુદ્દા:–**

**:૦૧:** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૩/૦૩/૨૦૨૬ ના રોજ આશરે ૧૯ : ૦૦ ના સુમારે મોજે પાનવડ બારીયા ફળીયા (સ્કુલ પાછળ) ફરીયાદીનો દિકરો હુમાયુ રોડ વડતો હતો ત્યારે પોતાના કબજા ભોગવટાની મોટર સાયકલ રજી નં. જીજે ૩૪ પી. ૫૭૧૦ પુર ઝડપે અને ભયજનક રીતે અને ગફલતભરી રીતે હંકારી એકસીડન્ટ કરી, ફરીયાદીના દિકરા હુમાયુને માથાના ભાગે ઈજા પહોંચાડી ફ્રેકચર કરી, નાસી જઈ, **બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

**:૦૨:** શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**:૦૧: નકારમાં,**

**:૦૨: આખરી હુકમ મુજબ.**

**–::કારણો::–**

(૧૧) ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ–૧૦૪ થી ૧૦૬ મુજબ હાલના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરિયાદપક્ષ દ્વારા ઉપર નોંધેલ ફકરા નં.૦૬ મુજબ લેખિત પુરાવો રેકર્ડ

પર રજૂ કરેલ છે. બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતાં પ્રબંધો ધ્યાને લીધા.

**(૧૨)** ફરિયાદપક્ષે તપાસેલ ફરિયાદી–અખીલાબીબી હુસેનભાઈ શેખ ને **આંક–૦૬** તથા સાહેદ હુસેનભાઈ નુરાભાઈ શેખ ને **આંક–૦૮** થી તપાસવામા આવેલા છે. સદર સાહેદોએ મહદ અંશે એક સરખો પુરાવો આપી સરતપાસમાં જણાવેલ છે કે, અકસ્માત ચારેક મહીના પહેલા સાંજના સાતેક વાગ્યાના સુમારે પાનવડ દુકાન આગળ બનેલો, અકસ્માત સમયે તેઓ ઘરે હતા અને તે વખતે તેમનો છોકરો હુમાયુ તેમની દુકાન આગળ આવેલ રોડ ઉપર અકસ્માત થતા તેઓ ત્યા ગયેલા અને જોયેલ તો તેમના છોકરાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી અને તેને માથામાંથી લોહી નીકળતુ હતુ. ત્યા ભેગા થયેલ માણસો ધ્વારા તેઓને જાણવા મેલ કે, એક મો.સા. ના ચાલકે ટકકર મારતા અકસ્માત થયેલો. તેઓએ તેમના છોકરાની સારવાર દેવર્ષી હોસ્પીટલ કરાવેલી. અકસ્માત કઈ રીતે બનેલો તે તેઓએ જોયેલ નથી કે જાણેલ નથી. બનાવની ફરીયાદ આંક–૦૭ થી રજુ છે અને તેમા ફરીયાદીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે. વધુમાં આ ફરિયાદી, સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાની રજૂઆત કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેમાં પણ તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ જુબાની આપેલ નથી.

**(૧૨.૧)** બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી નથી.

**(૧૩)** **આમ,** ઉપરોકત તમામ ચર્ચા અને રેકર્ડ ઉપરનો મૌખિક તથા લેખિત પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુનો

પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આ કામના ફરિયાદી તથા સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસ મુજબની જુબાની આપેલ ન હોવાથી તેઓને વી.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને ઉલટ તપાસ કરેલ છે તેમા પણ તેઓએ ફરિયાદપક્ષના કેસને અનુરૂપ કોઈ સમર્થન કારી જુબાની આપેલ નથી. વધુમાં બચાવ પક્ષ તરફની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદી તથા અન્ય સાહેદ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને બનાવ અંગેની તેઓને કોઈ જાત માહિતી નથી. જેથી આ કામના આરોપીએ કહેવાતો ગુનો કરેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નંબર : ૧ નો નિર્ણય તે રીતે "**નકાર**" માં આપી મુદ્દા નંબર : ૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–::આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી જયદેવભાઈ નરેશભાઈ કોલચા રહે. પાનવડ સામી ઘેડ ફળીયા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧(૧) અન્વયે **બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ ધ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારૂ ક્ર.પ્રો. કોડની–૪૩૭(એ) (અન્વયે જો આરોપીઓ સામે નામદાર અપીલ અદાલત ખાતે અપીલ થાય તો અપીલનાં કામે હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમનાં સધ્ધર જામીન રજૂ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ / રીવીઝનનો નિર્ણય / નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશન પરત કરવા.

(૪) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ, આજરોજ **તા. ૦૪ થી, માહે–જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૪/૦૭/૨૦૨૬
કવાંટ, જી.છોટાઉદેપુર

(***વી. એચ. ઠક્કર***)
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
કવાંટ, જી.છોટાઉદેપુર
જીજે ૦૧૬૯૬

//ARIF//